પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૪૧ ૧૩ નવેમ્બર, ૨૦૨૨, રવિવાર; કારતક વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હિમાચલ પ્રદેશમાં ૬૫.૫% મતદાન

## ૪૧૨ ઉમેદવારોનું ભાવિ EVMમાં સીલ : હિમાચલ વિધાનસભા ચૂંટણીના પરિણામો ૮ ડિસેમ્બરે



શિમલા, તા.૧૨

હિમાચલ પ્રદેશ ચૂંટણી ૨૦૨૨ માટે મતદાન સાંજે ૫ વાગ્યે સમાપ્ત થયું. સાંજ સુધીમાં ૬૫.૫૦ ટકા મતદાન થયું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડીનું વાતાવરણ હોવા છતાં મતદાન મથકો પર મહિલાઓએ મોટી સંખ્યામાં મતદાન કર્યું. મતદાનના પ્રથમ કલાકમાં માત્ર ચાર ટકા મતદાન નોંધાયું હતું. સવારે ૧૧ વાગ્યા સુધી તે ૧૮ ટકા વધ્યો હતો. તે ત્રણ વાગ્યા સુધી ૫૫ ટકા રહ્યો હતો. આ પછી સાંજે ૫ વાગ્યે કુલ ૬૫.૫૦ ટકા મતદાન નોંધાયું હતું. મતદાન પૂર્ણ થતાની સાથે જ ૪૧૨ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા. હવે ગુજરાતની સાથે હિમાચલ વિધાનસભા ચૂંટણીના પરિણામો ૮ ડિસેમ્બરે આવશે.

હિમાચલના મુખ્યમંત્રી જયરામ ઠાકુર, તેમની પત્ની અને બે પુત્રીઓએ મંડી જિલ્લાના સિરાજ ખાતે મતદાન મથક પર મતદાન કર્યું. સિરાજમાંથી ચાર વખતના ધારાસભ્ય ફરી મેદાનમાં છે. મતદાન કર્યા બાદ ઠાકુરે મતદારોને મોટી સંખ્યામાં મતદાન કરવાની અપીલ કરી હતી. તેમણે લોકોને લોકશાહીના પર્વમાં

● અનુસંધાન પાન-૭ પર

# સંસદનું શિયાળુ સત્ર ૭થી ૨૯ ડિસેમ્બર વચ્ચે યોજાશે

## જૂની બિલ્ડિંગમાં જ સત્ર આયોજીત થાય તેવી શક્યતા : આ સત્ર દરમિયાન લગભગ ૨૦ બેઠકો થાય છે, ૨૦૧૭ અને ૨૦૧૮માં વિંટર સેશનનું આયોજન ડિસેમ્બરમાં થયું હતું

નવી દિલ્હી, તા.૧૨

સંસદનું શિયાળુ સત્ર ૭ ડિસેમ્બરથી શરુ થઈને ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે. ન્યૂઝ એજન્સી એએનઆઈના સૂત્રોના હવાલેથી આ રિપોર્ટ આપવામાં આવ્યો છે. તેમના જણાવ્યા અનુસાર, આ વખતે વિંટર સેશન જૂની સંસદ ભવનમાં જ થાય તેવા સંકેતો છે. તારીખો વિશે અંતિમ નિર્ણય સંસદીય બાબતોની કેબિનેટ સમિત કરશે. શિયાળુ સત્ર ખાસ કરીને નવેમ્બરના ત્રીજા અઠવાડીયામાં શરુ થાય છે. આ સત્ર દરમિયાન લગભગ ૨૦ બેઠકો થાય છે. જો કે ૨૦૧૭ અને ૨૦૧૮માં વિંટર સેશનનું આયોજન ડિસેમ્બરમાં થયું હતું. લગભગ ૧૨૦૦ કરોડ રૂપિયાની અનુમાનિત ખર્ચથી તૈયાર થઈ રહેલા નવા સંસદ ભવનનું આ મહિનાના અંત અથવા ડિસેમ્બરની શરુઆતમાં પ્રતિકાત્મક ઉદ્ઘાટન શક્ય છે. હાલમાં જ કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપ સિંહ પુરીએ નવા સંસદ ભવનના નિર્માણ કાર્યોની સમીક્ષા કરવા માટે કહ્યું હતું. અને કામ ઝડપી આગળ વધતું હોવાનું કહેવાય છે. ફિનિશિંગ ટચ આપવામાં આવી રહ્યું છે. સરકાર નક્કી કરશે



કે, તેનું ઉદ્ઘાટન ક્યારે કરવામાં આવે. આ અગાઉ કેન્દ્ર સરકારે કહ્યું કે, નવી સંસદ ભવન નવેમ્બર સુધીમાં બનીને તૈયાર થશે અને શિયાળુ સત્ર તેમાં જ થશે. જો કે, એએનઆઈના ટોચના સૂત્રોના હવાલેથી કહેવાય છે કે શિયાળુ સત્ર જૂની બિલ્ડીંગમાં જ આયોજીત થવાની સંભાવના છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં એટીએસ-જીએસટીના ૧૫૦ સ્થળે દરોડા

## નકલી બિલોના નામે કરોડો રૂપિયાના ટ્રાન્ઝેક્શનના સંદર્ભમાં દરોડા : ગુજરાતમાં રહીને દેશને નુકશાન પહોંચાડનારા ગદ્દારો સામે મોટી કાર્યવાહી એટીએસ અને જીએસટી વિભાગનું રાજ્યના ૧૩ જિલ્લામાં ઓપરેશન ક્લીન

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં એટીએસ અને જીએસટી વિભાગે મોટી કાર્યવાહી કરતા સમગ્ર રાજ્યમાં ૧૫૦ સ્થળો પર દરોડા પાડ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અમદાવાદ, ભરૂચ, સુરત, ભાવનગર અને જામનગરમાં દરોડા ચાલું છે. એજન્સીઓએ આ દરોડા નકલી બિલોના નામે કરોડો રૂપિયાના ટ્રાન્ઝેક્શનના સંદર્ભમાં પાડ્યા છે. થોડા દિવસો પહેલા સુરત પોલીસે પણ અંદાજે ૫૦૦ કરોડ રૂપિયાના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. તે સમયે ૨૧ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

એક દિવસ પહેલા જ આવકવેરા વિભાગે ગુજરાતના અનેક જિલ્લાઓમાં દરોડા પાડ્યા હતા. આવકવેરા વિભાગે રાજકોટ, ભુજ અને ગાંધીધામમાં અનેક મોટા ઉદ્યોગગૃહો સાથે સંકળાયેલા લોકો પર દરોડા પાડ્યા હતા. આઈટી વિભાગના આ દરોડા રિયલ એસ્ટેટ અને ફાઈનાન્સ બ્રોકર્સના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો પર પડ્યા હતા.

ગુજરાતમાં સરકારી એજન્સીઓના આ દરોડા એવા સમયે પડી રહ્યા છે જ્યારે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે. જો કે, આ દરોડાની કાર્યવાહીમાં કેટલી રકમ વસૂલ કરવામાં આવી હતી અથવા કેટલી કરચોરી પકડાઈ હતી તે જાહેર કરવામાં આવ્યું નથી.

ગુજરાતમાં રહીને દેશને નુકશાન પહોંચાડનારા ગદ્દારો સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાત એટીએસ અને જીએસટી વિભાગનું રાજ્યના ૧૩ જિલ્લામાં ઓપરેશન ક્લીન. દેશ વિરોધી તત્વો સામે રાજ્યના ૧૩ જિલ્લામાં મોટી કાર્યવાહી કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ખાતરનું સંકટ વિશ્વમાં અનાજ ઉત્પાદનને ગંભીર અસર કરશે

## એશિયા અને આફ્રિકામાં ખાદ્ય ઉત્પાદનનો ભય વધ્યો : ઓછા પાકને કારણે વિશ્વમાં પહેલેથી જ ઉદભવેલી ખાદ્ય કટોકટી હવે વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે

નવી દિલ્હી, તા.૧૨

એશિયા અને આફ્રિકાના મોટા ભાગમાં ઓછા ખાદ્ય ઉત્પાદનનો ભય વધુ ઘેરો બન્યો છે. તેની પાછળનું મુખ્ય કારણ ખાતરની ઝડપથી વધી રહેલી કિંમતો છે, જેના કારણે ખેડૂતો માટે તે મેળવવાનું મુશ્કેલ બન્યું છે. નિષ્ણાંતોએ અભિપ્રાય આપ્યો છે કે ઓછા પાકને કારણે વિશ્વમાં પહેલેથી જ ઉદભવેલી ખાદ્ય કટોકટી વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે. રશિયાએ યુક્રેનમાં વિશેષ સૈન્ય કાર્યવાહી શરૂ કર્યા બાદ પશ્ચિમી દેશોએ રશિયા પર ખૂબ જ આકરા પ્રતિબંધો લગાવ્યા હતા. ખાતરની કિંમત તેનું પરિણામ છે. રશિયા અને બેલારુસ પોટેશિયમ ક્લોરાઈડના મુખ્ય નિકાસકારો છે, જેનો ઉપયોગ ખાતરના ઉત્પાદનમાં થાય છે. આ ઉપરાંત, રશિયા કુદરતી ગેસનો એક મોટો સપ્લાયર પણ છે, જે યુરોપમાં મોટાભાગની ખાતર ફેક્ટરીઓ ચલાવે છે. કુદરતી ગેસના ફુગાવાના કારણે ખાતરના ઉત્પાદન અને તેની કિંમત પર અસર પડી છે. બેલારુસ રશિયાનો ખાસ સાથી છે. તેથી જ પશ્ચિમી દેશોએ તેના પર પણ નિયંત્રણો લાદ્યા છે.

નાઈટ્રોજન, ફોસ્ફોરિક એસિડ અને પોટેશિયમ ક્લોરાઈડનો ખાસ ઉપયોગ બિન-કાર્બનિક ખાતરોના ઉત્પાદનમાં થાય છે. રશિયા અને બેલારુસ વિશ્વભરમાં વપરાતા પોટેશિયમ ક્લોરાઈડના ૪૦ ટકા સપ્લાય કરે છે. વિશ્વ બેંકે ગયા મહિને એક રિપોર્ટમાં કહ્યું હતું કે આ બંને દેશો પર લગાવવામાં આવેલા પ્રતિબંધોને કારણે આ વર્ષે ખાતરોમાં ઉપયોગમાં લેવાતા કાચા માલની કિંમતોમાં ૬૦ થી ૭૦ ટકાનો વધારો થયો છે.

# ત્રણ વર્ષથી નોટો ન છપાતા બે હજારની નોટોનું સર્ક્યુલેશન ઘટ્યું

## દેશમાં મોટી ચલણી નોટોનું સર્ક્યુલેશન ઓછું થઈ ગયું છે : નવેમ્બર ૨૦૧૬માં થયેલી નોટબંધી બાદ ૨૦૦૦ રૂપિયાના નોટને રિઝર્વ બેન્કે જારી કરી હતી

નવી દિલ્હી, તા.૧૨

તમારા હાથમાં છેલ્લે ૨૦૦૦ રૂપિયાની ગુલાબી નોટ ક્યારે આવી હતી? કદાચ લાંબો સમય થઈ ગયો હશે કારણ કે આપણા ચલણની સૌથી મોટી નોટનુ સર્ક્યુલેશન અત્યારે ઓછુ થઈ ગયુ છે.

રિઝર્વ બેન્કે પોતાના વાર્ષિક રિપોર્ટમાં આ મુદ્દે મોટી જાણકારી આપી છે. રિઝર્વ બેન્કના વાર્ષિક રિપોર્ટમાં ૨૦૦૦ રૂપિયાના નોટના ઘટાડાને મુદ્દે મોટુ કારણ સામે આવ્યુ છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના વાર્ષિક રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૦૦૦ રૂપિયાની એક પણ નોટ છાપવામાં આવી નથી. આ જ કારણોસર ૨૦૦૦ રૂપિયાની નોટનુ સર્ક્યુલેશન ઓછુ થઈ ગયુ છે.

નવેમ્બર ૨૦૧૬માં થયેલી નોટબંધી બાદ ૨૦૦૦ રૂપિયાના નોટને રિઝર્વ બેન્કે જારી કરી હતી. ૮ નવેમ્બર ૨૦૧૬એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એલાન બાદ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાના તમામ નોટ ચલણમાંથી બહાર થઈ ગયા હતા. આ કરન્સીના બદલે રિઝર્વ બેન્કે ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નવી નોટ જારી કરી હતી. રિઝર્વ બેન્કનુ માનવુ હતુ કે ૨૦૦૦ રૂપિયાની નોટ તે નોટની વેલ્યુની ભરપાઈ સરળતાથી કરી દેશે જેને ચલણમાંથી બહાર કરી દેવાઈ હતી. રિપોર્ટ અનુસાર ૨૦૦૦ રૂપિયાના નોટને જારી કરવાથી બાકી નોટોની જરૂર ઓછી પડી.

૩૧ માર્ચ ૨૦૧૭એ સર્ક્યુલેશન વાળા નોટની વેલ્યુમાં ૨૦૦૦ રૂપિયાના નોટની ભાગીદારી ૫૦.૨ ટકા હતી. ૩૧ માર્ચ ૨૦૨૨એ સર્ક્યુલેશન વાળા કુલ નોટની વેલ્યુમાં ૨૦૦૦ રૂપિયાના નોટની ભાગીદારી ૧૩.૮ ટકા હતી. જોકે, રિઝર્વ બેન્કે ૨૦૦૦ રૂપિયાની નોટને બંધ કરી નથી પરંતુ આનુ છાપવાનુ બંધ થઈ ગયુ છે.

દેશમાં ૨૦૦૦ની નોટ સૌથી વધુ ચલણમાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન રહી. આ દરમિયાન બજારમાં ૨૦૦૦ની ૩૩,૬૩૦ લાખ નોટ ચલણમાં હતી. આનુ કુલ મૂલ્ય ૬.૭૨ લાખ કરોડ રૂપિયા હતુ. ૨૦૨૧માં મંત્રી અનુરાગ ઠાકુરે લોકસભામાં આ જાણકારી આપી હતી કે છેલ્લા બે વર્ષથી ૨૦૦૦ રૂપિયાના એક પણ નોટને છાપવામાં આવી નથી. સરકાર RBIની સાથે વાતચીત કર્યા બાદ નોટને છાપવાને મુદ્દે નિર્ણય કરે છે. એપ્રિલ ૨૦૧૯ બાદથી કેન્દ્રીય બેન્કે ૨૦૦૦ રૂપિયાની એક પણ નોટ છાપી નથી. ૨૦૦૦ રૂપિયાની નોટ છપાઈ ન હોવાના કારણે આ લોકોના હાથમાં હવે ઓછી જોવા મળી રહી છે.

# ટોંગામાં ૭.૩ની તીવ્રતાના ભૂકંપ બાદ સુનામીની ગંભીર ચેતવણી

## નાગરિકો ઊંચાણવાળી જગ્યા પર ભાગવા લાગ્યા : સરકારી ઘોષણા બાદ ટોંગામાં નાગરિકોમાં ગભરાહટ જોવી મળી અને તેઓ ઊંચી જગ્યા પર જવા લાગ્યા હતા



ટોંગા, તા.૧૨

ટોંગા સરકારે શુક્રવારે સુનામીનું એલર્ટ જાહેર કરતા રહેવાસીઓને ઊંચાણવાળા વિસ્તારોમાં જવા માટે કહ્યું છે. ટોંગા ૧૭૦થી વધારે દક્ષિણ પ્રશાંત દ્વિપનું એક પોલિનેશિયન સામ્રાજ્ય છે. તેની રાજધાનીથી લગભગ ૨૦૭ કિમી અંદર સમુદ્રમાં આવેલા ૭.૩ તીવ્રતાના ભૂકંપ બાદ ટોંગા સરકારે શુક્રવારે સુનામીની ચેતવણી આપી છે. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલિજિકલ સર્વે અનુસાર, ભૂકંપ ૨૪.૮ કિમીની ઊંડાઈ પર હતો, જે નેયાફૂના દક્ષિણ-પૂર્વમાં લગભગ ૨૦૭ કિમી પૂર્વમાં સમુદ્રમાં આવ્યા હતો. પ્રશાંત સુનામી ચેતવણી કેન્દ્ર અનુસાર, અમેરિકી સમોઆ માટે સુનામીની સલાહ પણ આપવામાં આવી છે. તેમાં કહેવાયુ છે કે, ભૂકંપથી ખતરનાક સુનામીની લહેરો નીયૂ અને ટોંગાના તટ સાથે ભૂકંપનું કેન્દ્ર ૩૦૦ કિમીનું અંતર શક્ય છે. તો વળી ટોંગાની મૌસમ સેવાના નિવાસીઓની અંતર્દેશીય સ્થળાંતરિત કરવાની ચેતવણી આપી છે.

સરકારી ઘોષણા બાદ ટોંગામાં નાગરિકોમાં ગભરાહટ જોવી મળી અને તેઓ ઊંચી જગ્યા પર જવા લાગ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# કોંગી નેતા રાહુલ સંસદના શિયાળુ સત્રમાં ભાગ નહીં લે

## કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ભારત જોડ યાત્રા છોડશે નહીં, આ યાત્રા તેના નિર્ધારિત કાર્યક્રમ-લક્ષ્યને પૂર્ણ કરશે

નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસ નેતા અને સાંસદ રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા પર ચાલી રહ્યા છે અને તેના કારણે તેઓ સંસદના આગામી શિયાળુ સત્રમાં ભાગ લે તેવી સંભાવના નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર સંસદનું શિયાળુ સત્ર ૭ ડિસેમ્બરથી શરૂ થઈને ૨૯ ડિસેમ્બર સુધી ચાલી શકે છે. કોંગ્રેસના પ્રભારી મહાસચિવ જયરામ રમેશે કહ્યું છે કે, રાહુલ ગાંધી ભારત જોડ યાત્રા છોડશે નહીં. આ યાત્રા તેના નિર્ધારિત કાર્યક્રમ અને લક્ષ્યને પૂર્ણ કરશે.

આવતીકાલ થી શરૂ
સાંજે ૬ વાગ્યાની બેચમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨
ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮
મો. ૯૯૨૪૦ ૧૦૫૫૫
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar

# દેશ વિકસિત ભારતના લક્ષ્ય સાથે વિકાસના પંથે : મોદી

## વિશાખાપટ્ટનમમાં કોરોડોના પ્રોજેક્ટનો શિલાન્યાસ : આર્થિક કોરિડોર આંધ્રમાં વેપાર-ઉત્પાદનને વેગ આપવા માટે મલ્ટિમોડલ કનેક્ટિવિટીમાં સુધારો કરશે : વડાપ્રધાન

વિશાખાપટ્ટનમ, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં હાજર રહ્યા હતા. આ દરમિયાન તેમણે રાજયને રૂ. ૧૦ હજાર ૫૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટની ભેટ આપી હતી. આ પછી, તેમણે વિકાસ પ્રોજેક્ટ્સના મોડલની સમીક્ષા પણ કરી. વડાપ્રધાન સાથે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડી, રાજ્યપાલ બિસ્વા ભૂષણ હરિચંદન અને કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ હાજર રહ્યા હતા.

આ દરમિયાન જનતાને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવમાં દેશ વિકસિત ભારતના લક્ષ્ય સાથે વિકાસના પંથે ઝડપથી આગળ વધી રહ્યો છે. વિકાસની આ યાત્રા બહુઆયામી છે. તેમાં સામાન્ય માનવીની જીવન જરૂરિયાતોની ચિંતાનો સમાવેશ થાય છે અને શ્રેષ્ઠ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની રચનાનો પણ સમાવેશ થાય છે. વડાપ્રધાને કહ્યું કે, સપ્લાય ચેઈન તાર્કિક અને મલ્ટિમોડલ કનેક્ટિવિટી પર નિર્ભર છે. એટલા માટે અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે નવો અભિગમ અપનાવ્યો છે. અમે વિકાસના સંકલિત દષ્ટિકોણને મહત્વ આપ્યું છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું, હું જાણું છું કે આંધ્રપ્રદેશના લોકો લાંબા સમયથી આ પ્રોજેક્ટ્સની રાહ જોઈ રહ્યા હતા. આજે એ રાહ પૂરી થઈ. હવે આંધ્રપ્રદેશ અને તેના દરિયાકાંઠાના વિસ્તારો નવી ગતિએ આગળ વધશે. તેમણે કહ્યું કે, સંરચનાનો આ એકીકૃત દષ્ટિકોણ પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાનને કારણે શક્ય બન્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
30g પ્રોટીન


₹49*/ 1 L
અમૂલ
તાજા
500mL: ₹ 25* | 15g પ્રોટીન
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.
Amul
The Taste of India